રે.દિ.મુ.નંબર : ૨/૨૦૧૯

## :: વાદી તરફે રજુ આંક : ૩૦ ની અરજી લગત હુકમ ::

(૧) સદર અરજી, કેસ રેકર્ડ, સંબધિત દસ્તાવેજો, સંબધિત કાયદાકીય જોગવાઈ સાથે ઘ્યાને લીધી.

(૨) વાદી તરફે અરજીની હકિકતે દલીલ કરી દસ્તાવેજો આંકે પાડવા રજુઆત કરેલ છે જયારે પ્રતિવાદી તરફે દસ્તાવેજો આંકે પાડવા વાંધો રજુ રાખેલ છે.

(૩) ઉપરોકત તમામ હકિકતને દસ્તાવેજો તથા કાયદાકીય જોગવાઈ સાથે ઘ્યાને લેતા નિશાની ૩/૧ થી ૩/૧૦ વાળા દસ્તાવેજો જાહેર દસ્તાવેજોની ખરી નકલ હોય આંકે પાડી રેકર્ડે લેવાપાત્ર જણાય છે. તે જ રીતે નીશાની ૩/૧૮ વાળો દસ્તાવેજો ઓફીસ કોપી હોય પુરવાર કરવાની શરતે આંકે પાડી રેકર્ડે લેવાપાત્ર જણાય છે. પરંતુ નિશાની ૩/૧૧ થી ૩/૧૭ વાળા દસ્તાવેજો ફોટોગ્રાફ/પ્રીન્ટઆઉટ હોય જેના પર અધિકુત કચેરી/અધિકારીના સહી સીકકા ન હોય કે સાથે સત્યતા બાબતનું સ ર્ટીફીકેટ સામેલ ન હોય, આંકે પાડવાપાત્ર જણાતા નથી તે જ રીતે નીશાની ૩/૧૯ વાળો દસ્તાવેજ સાદી નકલ હોય જે દસ્તાવેજ મુખ્ય કે ગૌણ પુરાવાની આવશ્યકતાઓ પરીપુર્ણ કરતા ન હોય, આંકે પાડવાપાત્ર જણાતા નથી. આમ ઉપરોકત તમામ હકિકતને ઘ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: હુ ક મ ::

(૧) આથી આંક : ૩૦ વાળી અરજી અંશત: મંજુર કરી વાદી તરફે રજુ નીશાની ૩/૧ થી ૩/૧૦ વાળા દસ્તાવેજો આંકે પાડી રેકર્ડે લેવા હુકમ કરવામાં આવે છે.

(૨) આથી નિશાની ૩/૧૮ વાળો દસ્તાવેજ પુરાવાર કરવાની શરતે ટેન્ટેટીવ આંક પાડી રેકર્ડે લેવામાં આવે છે.

(૩) આથી નિશાની ૩/૧૧ થી ૩/૧૭ તથા નિશાની ૩/૧૯ વાળા દસ્તાવેજને આંકે પાડી રેકર્ડે લેવા પુરતી અરજી અને તેમા માંગેલ દાદ નામંજુર કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ ૨૫મી માહે જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૨૫/૦૧/૨૦૨૨**

**ભાણવડ**

**(ભાવિનકુમાર નવિનચંદ્ર જોષી)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ, ભાણવડ**
**(જીજે૦૧૨૬૧)**